# ‘હેલ્થ એન્ડ સેફ્ટી’ની બનાવટી સંસ્થાઓ તરફથી મોકલવામાં આવતા પત્રવ્યવહારોને કચરાના ડબામાં ફેંકી દેવાની કંપનીઓને ચેતવણી - જાન્યુઆરી 2005 (Companies warned to bin mailshot from fake 'Health and Safety' agencies - January 2005)

કંપનીઓ અને અન્ય સંસ્થાઓને જાણ કરવામાં આવે છે કે હેલ્થ એન્ડ સેફ્ટીના કાયદાનું નિયંત્રણ કરવાનો દેખાવ કરતી બે પેઢીઓ પાસેથી તેમને મોકલવામાં આવતી માહિતીને તેઓ ધ્યાનમાં ન લે.

એચ.એસ.ઈ.ને દેશભરમાંથી કંપનીઓ તરફથી ફરિયાદો મળી છે કે તેમને આરોગ્ય અને સુરક્ષાના કાયદાનું પાલન કરવાના બદલામાં પૈસા ચૂકવી આપવાનું જણાવવામાં આવ્યું છે.

વેસ્ટ યોર્કશાયરમાં આવેલી એક પેઢી, પોતાને ‘હેલ્થ એન્ડ સેફ્ટી રજિસ્ટ્રેશન એન્ફોર્સમેન્ટ ડિવિઝન’ (એચ.એસ.આર.ઈ.ડી.) તરીકે ઓળખાવે છે. આ પેઢીએ સમગ્ર બ્રિટનમાં કંપનીઓને પત્રો લખીને તેઓ આરોગ્ય અને સુરક્ષાના કાયદાનું પાલન કરે છે તેની ખાતરી કરી આપવા માટે £199થી £249 સુધીનાં પેયમેન્ટો ચૂકવવાની માગણી કરી છે. આ પહેલાં આ જ કંપનીના નામનો ઉપયોગ કરીને સ્પ્રિંગ 2004માં બધી કંપનીઓને આ રીતના પત્રોની ભરમાર મોકલવામાં આવી હતી, જેમાં અસલમાં કંપનીનું સરનામું રોચડેલનું બતાવવામાં આવ્યું હતું, પરંતુ હવે તે બ્રેડફર્ડના સરનામેથી આવા પત્રો મોકલી રહી છે. બીજી એક પેઢી, જે પોતાને ‘હેલ્થ એન્ડ સેફ્ટી એન્ફોર્સમેન્ટ એજન્સી’ (એચ.એસ.ઈ.એ.) તરીકે ઓળખાવે છે, તેણે પણ સ્પ્રિંગ 2004માં આરોગ્ય અને સુરક્ષાનો અમલ કરવા માટેની માહિતી સામગ્રી માટે £125ની માગણી કરી હતી, અને તે પણ તાજેતરમાં આ પ્રકારના પત્રો મોકલી રહી છે.

આમાંથી કોઈ પણ કંપનીઓ તરફથી જેમને પણ કોઈ માહિતી સામગ્રી મળે તેમણે તેની અવગણના કરવી; આ કંપનીઓ પાસેથી કોઈ પણ સાહિત્ય કે સેવાઓ ખરીદવા માટેની કોઈ પ્રકારની કાનૂની જરૂરિયાત નથી.

આમાંની એક પણ કંપની એચ.એસ.ઈ. સાથે જોડાયેલી નથી. આ કંપનીઓ કે આના જેવી સેવાઓ ‘આપવાની વાત કરતી’ બીજી કોઈ પણ કંપનીઓ તરફથી કરવામાં આવતા કોઈ પણ સંપર્ક વિશે સંસ્થાઓએ ખૂબ જ સાવચેત રહેવું જોઈએ. આ બંને કંપનીઓએ એક જ પ્રકારના લખાણનો ઉપયોગ કર્યો છે જે તેઓ અમલબજાવણી કરાવતી અધિકૃત સંસ્થાઓ હોવાનું જણાવે છે, પણ તેઓ અધિકૃત સંસ્થાઓ નથી. એચ.એસ.ઈ. ક્યારેય પણ પોતે નહિ પૂરી પાડેલી સેવાઓ માટેના પૈસાની અગાઉથી માગણી કરવા માટે સંસ્થાઓને એક સરખા પત્રો લખતું નથી. આ કંપનીઓ ઘણી મોટી રકમની માગણી કરી રહી છે, અને તેઓ માહિતી મોકલી આપશે એમ જણાવી રહી છે, જેમાંની ઘણી ખરી માહિતી એચ.એસ.ઈ. મફત પૂરી પાડે છે. એચ.એસ.ઈ.નું કાયદેસર માન્ય હેલ્થ એન્ડ સેફ્ટી સ્ટાર્ટર પેકઃ Health and Safety Advice and Guidance for New and Small Businesses, ISBN 0 7176 2738, કોઈ પણ ધંધા-વ્યવસાયને એચ.એસ.ઈ. બુક્સ પાસેથી (www.hsebooks.com) £30.00 ની કિંમતે મળી શકે છે. આ પેકમાં કાયદાનું પાલન કરવા માટે અને પોતાનાં કામદારોનું રક્ષણ કરવા માટે ધંધા-વ્યવસાયોને જરૂરી હેલ્થ એન્ડ સેફ્ટી વિશેની મોટા ભાગની મૂળભૂત સલાહ આપવામાં આવેલી છે. તેમાં એચ.એસ.ઈ.ની એક્સિડેન્ટ બુક અને હેલ્થ એન્ડ સેફ્ટીના કાયદાનું પોસ્ટર પણ આપવામાં આવેલાં છે, જે કાયદા અનુસાર ધંધાના સ્થળે લગાવવું જરૂરી છે. વધારે માહિતી એચ.એસ.ઈ.ની વેબસાઈટ પરથી નીચે મુજબ મળી શકે છેઃ

- સ્ટાર્ટરપેક

એચ.એસ.ઈ. ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સની ઓફિસો અને પોલીસ સાથે વાતચીત કરી રહ્યું છે, જેઓ આ કંપનીઓની તપાસ કરી રહ્યાં છે. આમાંથી કોઈ પણ કંપની તરફથી જે કોઈને પણ કોઈ માહિતી સાહિત્ય મળે તેમણે તે વિશે **એચ.એસ.ઈ. ઈન્ફોલાઈનને 0845 345 0055** પર અથવા તેમની સ્થાનિક એચ.એસ.ઈ. ઓફિસ ને જાણ કરવી જોઈએ.